## જન્મદિને વધામણી



ધર્મેન્દ્રસિંહ કુંપાવત
(૧-૮-૧૯૭૪)
(પ્રેસ-ફોટોગ્રાફર ગુજરાત સમાચાર)
મો. ૯૮૨૫૦૨૦૧૪૧



ભારતીબેન જોશી
૧-૮-૧૯૫૫
સમસ્ત બ્રહ્મસમાજ
મહિલા પાંખ, ઉપપ્રમુખ



સજનબા જી. કુંપાવત
મો. ૯૭૧૪૫૩૬૯૮૮



ભાનુકાન્ત પી. પરમાર
૧-૮-૧૯૨૭
ડેમોક્રેટીક પીપલ્સ એસો.
ગાંધીનગર, પ્રમુખ



રમેશભાઇ એન. દેસાઇ
૧-૮-૧૯૫૯
સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ, ટ્રસ્ટી

## ગજાનન સેવાસમિતિ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે વિવિધ કાર્યો

ગાંધીનગર, તા.૩૧

શ્રી ગજાનન સેવાસમિતિ દ્વારા ભિલોડા તાલુકાની શાળાઓમાં અભ્યાસને લગતી વસ્તુઓનું વિતરણ કરાયું હતું. છાત્રેશ્વરીમાં બાળકોને નાસ્તાનું વિતરણ કરાયું હતું. તે ઉપરાંત, રાનીઓડ, ધૂળેટા, નવા પાલ્લા, બોરનાળા, સુનોડ આશ્રમ શાળામાં લગભગ ૫૪૦ બાળકોને દેશી હિસાબ, પૅન્સિલ, રબ્બર, નાહવાના સાબુ, બિસ્કિટનાં પૅકેટ, નાસ્તો વગેરેનું વિતરણ કરાયું હતું. તો, રાયપુર કન્યા છાત્રાલયમાં ૮૦ બહેનોને નવાં કપડાં અપાયાં હતાં. એ.પી.ઠાકરની ૨૪૦ દીકરીઓને બૉલપેન સાથે ઉમિયા કૉલેજનાં આચાર્યા ડૉ. સંગીતા ઘાટેએ સુંદર વક્તવ્ય રજૂ કર્યું હતું. ડૉ. સુમેધા મહાજની, શ્રીમતી ગજ્જર સાથે હતાં.

સાથોસાથ, સવારે છાત્રેશ્વરીમાં ૨૮ નિરાધાર વ્યક્તિઓને ૧૧ ખાદ્યપદાર્થો-ચીજવસ્તુઓનું વિતરણ તથા વાંટડા ખાતે ૩૮ વૃદ્ધ-વડીલોને ૧૨ ચીજવસ્તુઓ આપી હતી. અનાજ સાથે કઢાઈ પણ આપવામાં આવી હતી. મિલિન્દભાઈ, દિનેશ ગામેતી તથા શાળાના સ્ટાફનો આ કાર્યમાં પૂર્ણ સહયોગ મળ્યો હતો.

# રૉટરી ક્લબ ઑફ કૅપિટલ ગાંધીનગરનો શપથવિધિ સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૩૧

રૉટરી ક્લબ ઑફ કૅપિટલ, ગાંધીનગરનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજાયો હતો, જેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરાઈ હતી.

નવા વર્ષના પ્રમુખ તરીકે ખડાયતા જ્ઞાતિના નડિયાદ એકડાના શ્રી મનોજકુમાર આર. સરૈયા તથા તેમની ટીમે શપથગ્રહણ કર્યા હતા. રૉટરી ક્લબના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ડૉ. શશાંક રાઠોડ દ્વારા શપથવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી. નવા જોડાયેલા સભ્યોને પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ડૉ. જયપ્રકાશ પી. વ્યાસે શપથવિધિ કરાવી હતી. પૂર્વ પ્રમુખ અને વર્તમાન આસિસ્ટન્ટ ગવર્નર શ્રી હર્ષદભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા.

ક્લબ ટ્રેનર તરીકે શ્રીમતી અમીબહેન શાહ, ક્લબના વહીવટી ચેરમેન ડૉ. એસ. કે. નંદા (આઈએએસ), રૉટરી ફાઉન્ડેશન ચેરમેન અને ક્લબના સ્થાપક પૂર્વ પ્રમુખ જગતભાઈ કારાણી, પબ્લિક રિલેશન ચેરમેન શ્રી અરવિંદભાઈ રાણા તથા ટીચ પ્રોગ્રામ કમિટીના ચેરમેન શ્રી યુવરાજસિંહ વાઘેલાએ શપથ ગ્રહણ કર્યા હતા. ડાયરેક્ટર તરીકે ડૉ. અંકુરભાઈ પરમાર તથા એડ. શ્રી નીરવભાઈ શાહ અને ખજાનચી તરીકે શ્રી હેમલભાઈ કોડિયાએ શપથ ગ્રહણ કર્યા હતા.

શપથવિધિ સમારોહના મુખ્ય અતિથિવિશેષ સી. જમનાદાસ કંપનીના શેઠ લાયન્સ ક્લબના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ખજાનચી શ્રી રશ્મિકાન્ત જે. શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે રૂ. ૨૫ હજારનો ચેક સેવાકાર્યો માટે અર્પણ કર્યો હતો.

નવા વરાયેલા પ્રમુખશ્રી મનોજકુમાર સરૈયા દ્વારા અંધજન મંડળ, વસ્ત્રાપુરને મુખ્યમહેમાનના હસ્તે કૉમ્પ્યૂટર ભેટ આપવામાં આવ્યું હતું. સમારોહનું સંચાલન પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલા તથા જયશ્રીબહેન ખેતિયાએ કર્યું હતું.

## ૨ ઓગસ્ટે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર ખાતે છેલ્લાં દોઢ વર્ષતી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તા. ૨ ઑગસ્ટના રોજ સવારે સાડા સાત વાગ્યાથી સાડા નવ સુધી ઘ-૪ના સર્કલ પાસે ઉદ્યોગભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારાં પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ, પુસ્તકના આદાન-પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો તેનો આશય છે. ગુજરાતમાં વિવિધ શહેરોમાં આવી પુસ્તક પરબો યોજાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વશ્રી કિશોર જિકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાટ, અશોકભાઈ ત્રિવેદી, ધૂર્જટિ પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી, દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને તા. ૩ ઑગસ્ટને સોમવારના રોજ સાંજે પાંચ વાગ્યે સે. ૨૧માં નમન એપાર્ટમેન્ટમાં મળશે. જાણીતા વિચારક શ્રી ડંકેશભાઈ ઓઝા આ પ્રસંગે 'સક્રિય નાગરિકતાની દિશા' વિષય પર વક્તવ્ય રજૂ કરશે. પદાધિકારીઓ, સમિતિના સભ્યો તથા શહેરીજનોને વક્તવ્યનો લાભ લેવાનો પરિષદના મહામંત્રી શ્રી નિરંજનભાઈ ઓઝાએ અનુરોધ કર્યો છે.

## ચૌધરી કન્યા વિદ્યાલય સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં રાષ્ટ્રીય સેવાયોજના હેઠળ પ્રવાસ સમિતિ દ્વારા એન.સી.સી., સ્કાઉટ ગાઈડના સંયુક્ત ઉપક્રમે શાળાના પ્રાંગણમાં બ્રહ્માકુમારીનાં તપસ્વીદીદી, ગાયત્રી પરિવારના શ્રી નટુભાઈ પટેલ, અખિલ આંજણા કેળવણી મંડળના શિક્ષણ સમિતિના કન્વીનરશ્રી પ્રતાપભાઈ ચૌધરી, આચાર્યા શ્રી સંતોકબહેન ચૌધરીએ વૃક્ષારોપણ કર્યું હતું.

ગત વર્ષની પ્રવૃત્તિઓને ઉજાગર કરતો આઠમો વાર્ષિક અંક 'અષ્ટદલ જ્યોત'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આચાર્યા શ્રી સંતોકબહેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અધિકારી શ્રી ચંદ્રિકાબહેન પટેલ, શ્રી ભાવનાબહેને વિદ્યાર્થીઓના સહયોગથી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

# ગાંધીનગરમાં વર્ષે ૬૦૦ જેટલા કાર્યક્રમો કરતી સતત પ્રવૃત્તિરત સંસ્થા




'અમે આ વૃક્ષનું બીજ એક બગીચામાં રોપ્યું હતું અને આજે એની સુગંધ સમગ્રજિલ્લામાં ફેલાઈ રહી છે.' આ શબ્દો છે નિસર્ગ સાયન્સ સૅન્ટરના સ્થાપક અને સંચાલક અનિલભાઈ પટેલના, જેમણે સેવાકીય પ્રવૃત્તિઓથી ધમધમતા અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને આવકારતા ગાંધીનગર શહેરમાં વિજ્ઞાનની પ્રવૃત્તિઓનો એક નવો ચીલો ચાતર્યો ને આજે એ એક મોટો પથ બની ગયો છે. અનેક બાળ વિજ્ઞાનીઓ એ પથ પર ચાલીને સમાજને લાભકર્તા સાચા વિજ્ઞાનીઓ કે નાગરિકો બન્યા છે અને અનેક વિદ્યાર્થીઓ વિજ્ઞાની આ પથ પર ચાલી રહ્યા છે.

અનિલભાઈ આજીવન શિક્ષક, ગૂજરાત વિદ્યાપીઠમાં ત્યારે એમનું અધ્યાપન કાર્ય ચાલે, હાલ અમદાવાદ ખાતે બીઍડ કૉલેજમાં પ્રિન્સીપાલ. ૧૯૯૫માં ગાંધીનગર રહેવા આવ્યા અને પ્રવૃત્તિ માટે દર રવિવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખા સૅક્ટર-૨ ૩ના બગીચામાં ચાલતી હતી એમાં જોડાયા. એના જ માધ્યમથી બાળકોના પરિચયમાં આવ્યા અને બાળકો માટે કોઈ પ્રવૃત્તિ કરવાનો વિચાર સૂઝ્યો. નગરમાં એ સમયે પણ ઘણી સંસ્થાઓ ને ઘણી પ્રવૃત્તિઓ હતી તેથી પોતે કંઈક નવું કરવા માગતા હતા. એટલે એમણે પોતાને ગમતી પ્રવૃત્તિમાં બાળકોને જોતરવાનું કામ કર્યું. એ પ્રવૃત્તિ હતી વિજ્ઞાનની, જેના માટે તેઓ દર રવિવારે સૅક્ટર-૨ ૩ના બગીચામાં એ થોડા પરિચિત બાળકોને લઈને બેસવા માંડ્યા. બાળકોનો રસ વધતો ગયો તેમ તેમની સંખ્યા પણ વધતી ગઈ. ૧૯૯૮માં આ પ્રવૃત્તિમાં જોડાયેલા એક બાળકના પિતા સરકારી અધિકારી હતા, એમણે માર્ગદર્શન આપ્યું કે કેન્દ્ર સરકાર પણ વિજ્ઞાનની પ્રવૃત્તિઓમાં રસ લઈ રહી છે અને સાયન્સ સૅન્ટરની માન્યતા માટે પ્રયત્ન કરવો જોઈએ.

અનિલભાઈએ ૧૯૯૩માં એક ટ્રસ્ટ તો બનાવી જ રાખ્યું હતું, એના નામે અરજી કરી અને ૧૯૯૯માં જિલ્લાના સાયન્સ સૅન્ટરની મંજૂરી તેમને મળી ગઈ. એ પછી તો પ્રવૃત્તિ માટે સૅક્ટર-૨ ૩માં સરકારી મકાન પણ મળ્યું અને વિજ્ઞાનની પ્રવૃત્તિઓને નવી પાંખ મળી. આજે નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર ખાતે ચાલી રહેલી ચિલ્ડ્રન સાયન્સ ક્લબમાં દર વર્ષે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાય છે અને અત્યાર સુધીમાં વિવિધ સ્કૂલ્સના ત્રીસેક હજાર વિદ્યાર્થીઓ સાયન્સ સૅન્ટરના માધ્યમથી અનિલભાઈની વિજ્ઞાનની પ્રવૃત્તિઓનો લાભ લઈ ચૂક્યા છે; નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર એ વર્ષે ૬૦૦ જેટલા કાર્યક્રમો કરતી સતત પ્રવૃત્તિરત સંસ્થા છે.



વિદ્યાર્થીઓ માટે સાયન્સ ટૅમ્પરામૅન્ટ અને સમાજ માટે વિજ્ઞાન તથા ટૅકનોલૉજીનો પ્રચાર-પ્રસાર એ નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટરનું ધ્યેય છે, જે તેણે સુપેરે સિદ્ધ કર્યું છે અને પ્રતિ વર્ષ નવાં ધ્યેય નિર્ધારીત કરી તેમના સુધી પહોંચવાની ને પોતાનો જ રૅકર્ડ તોડવાની પ્રથા પણ તેણે માંડી છે.

નિસર્ગના પ્રતાપે ૨૦થી વધુ એવા ચિલ્ડ્રન સાયન્ટીસ્ટ્સ જિલ્લાને મળ્યા, જેમણે બાળ વિજ્ઞાની તરીકે રાષ્ટ્રીય ઍવૉર્ડ પ્રાપ્ત કરીને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. નિરલ જોષી, શિવાની દે, વત્સલ ઉપાધ્યાય અને ઋચિક પટેલ એ આ પૈકીનાં જાણીતાં નામ છે.

આજે પણ રવિવારે સવારે નિસર્ગની મુલાકાત લઈએ તો વિજ્ઞાન પણ એક રસીલો વિષય છે ને એમાં આવતીકાલના વિજ્ઞાનીઓ કેવો રસ લઈ રહ્યા છે એ બાબત ઊડીને આંખે વળગે છે. ખરેખર બગીચામાં રોપાયેલું વિજ્ઞાનની પ્રવૃત્તિનું બીજ આજે વૃક્ષ બનીને સમગ્ર જિલ્લાને માત્ર સુગંધ જ નહીં, પરંતુ છાંયો પણ આપી રહ્યું છે.



શ્રી ભાવિક જોષી
બ્રાન્ચ મેનેજર - મુથુટ ફીનક્રોપ
મુ.મોડાસા તા.મોડાસા.જી અરવલ્લી
મો.૯૮૯૮૦૦૦૩૦૯



શ્રી રાહુલભાઈ પટેલ
યુથ કોગ્રેસ પ્રમુખ - મોડાસા શહેર
મુ.મોડાસા તા.મોડાસા.જી અરવલ્લી



સિને સ્કાય સિનેમા
ગાબટ રોડ, મુ.બાયડ તા.બાયડ.જી અરવલ્લી
મહેશ પટેલ, ગીરીશ પટેલ, ભાવેશ પટેલ
બુકીંગ ઓફીસ નંબર :(૦૨૭૭૯)૨૨૦૩૭૭

શ્રી એસ આર પટેલ
પ્રમુખશ્રી - મોડાસા નગરપાલિકા
મુ.મોડાસા તા.મોડાસા.જી અરવલ્લી



એક શુભેચ્છક

ગાંધીનગર સમાચાર અરવલ્લી બ્યુરો ઓફીસ
સફળતાના શીખરો સર કરે તેવી
શુભકામનાઓ
ગાંધીનગર સમાચાર બ્યુરો ઓફીસ
જીતેન્દ્ર પટેલ (બ્યુરો ચીફ)
સમીર બલોચ (જીલ્લા ફોટોગ્રાફર)
પ્રમુખધામ કોમ્પલેક્ષ, માલપુર રોડ, મોડાસા
શુભેચ્છક
ગણેશ એન્જી વર્કસ
કવોરી મશીનરી ના ઉત્પાદન કરનાર તેમજ રીપેરીંગ કામ કરી આપનાર
વસંતભાઈ મીસ્ત્રી - ૯૪૨૬૦૪૦૩૨૭

કાવેરી કોર્પોરેશન
ગ્રીટ, કપચી,
મેટલ રબરના વિક્રેતા
કૃણાલ પટેલ
૯૪૨૭૩૭૦૫૫૦
જીગર પટેલ
૯૯૨૫૮૯૦૭૦૧
પ્રાઈમ બેંક ની નીચે
મુ.બાયડ તા.બાયડ જી.અરવલ્લી

સંકલન :- સમીર બલોચ (૯૯૨૪૩૩૩૩૪૩)એન્ડ જીતેન્દ્ર પટેલ(૯૪૨૭૩૬૮૫૦૩) મોડાસા અરવલ્લી
જીલ્લા બ્યુરો ઓફીસ પ્રમુખધામ કોમ્પ્લેક્ષ મોડાસા